**તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૮૧ | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૬, રવિવાર ; ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**ગેરન્ટેડ ગિફ્ટ કુપન**
અહીંથી કાપો




# કાશ્મીરના ચાર હિંસાગ્રસ્ત વિસ્તારમાં સેના તૈનાત

## પુલવામા, સોપીયા, કુલગામ અને અનંતનાગમાં સેના તૈનાત : ૨૦૧૪ બાદ પ્રથમ વખત ફરીવાર સેનાના જવાનો ગોઠવી દેવાયા : ખીણમાં છેલ્લા બે મહિનાથી જારી હિંસામાં ૭૦થી વધુના મોત



શ્રીનગર,તા. ૧૦
કાશ્મીર ખીણમાં વિરોધ પ્રદર્શનથી સૌથી વધારે અસરગ્રસ્ત ચાર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં બે વર્ષના ગાળા બાદ ફરી સેનાના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. શુક્રવારના દિવસે પુલવામા, શોપિયા, કુલગામ અને અનંતનાગમાં વર્ષ ૨૦૧૪ બાદ પ્રથમ વખત સેનાને તૈનાત કરવામાં આવી છે. હિલબુલ મુજાહિદીનના કુખ્યાત ત્રાસવાદી બુરહાન વાનીને તેના સાગરીતો સાથે ઠાર મારી દેવામાં આવ્યા બાદ કાશ્મીરમાં હિંસાની શરૂઆત થઈ હતી. આ ચાર જિલ્લામાં સૌથી વધારે હિંસા બુરહાનને ઠાર મારી દેવામાં આવ્યા બાદ થઈ હતી. ખીણમાં હજુ સુધી હિંસક વિરોધ પ્રદર્શન અને સુરક્ષા દળોની કાર્યવાહીમાં ૭૨ લોકોના મોત થયા છે. જે પૈકી ૫૦થી વધારે લોકોના મોત આ ચાર જિલ્લામાં જ થયા છે. આવી સ્થિતીમા આ ચાર જિલ્લામાં ફરી સેનાના જવાનો તૈનાત કરવામાં આવી રહ્યા છે. સેના પ્રમુખ જનરલ દલબીર સિંહ સુહાગે સુરક્ષા સ્થિતીની સમક્ષી કર્યા બાદ જવાનોને વહીવટીતંત્રની માંગ તરફ સાવધાન રહેવા માટેકહ્યુ હતુ. બુરહાન વાનીને ઠાર મારી દેવામાં આવ્યા બાદ હિંસા અને વિરોધ પ્રદર્શનના કારણે હજારો લોકો

● અનુસંધાન પાન-૭ પર

## બાહુબલી નેતા શાહબુદ્દીન જેલથી અંતે બહાર આવ્યા

પટણા,તા. ૧૦
બિહારના સિવાન જિલ્લામાં ભારે દહેશત ફેલાવનાર અને ભયના પર્યાય બની ચુકેલા બાહુબલી નેતા મોહંમદ શાહબુદ્દીન આજે જેલથી બહાર આવી ગયા હતા. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે શાહબુદ્દીનની વાપસીને લઈને વિરોધ પક્ષોએ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી નીતિશકુમાર અને આરજેડી નેતા લાલુ યાદવ ઉપર આક્ષેપો કરવામાં આવ્યા હતા. શાહબુદ્દીન બહાર આવ્યા બાદ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા.

**નજીકના સિનેમાઘરોમાં ભવ્ય રજુઆત**




•GANDHINAGAR:CINEMAX10.15am,1.15pm,7.15pm,10.15pm•CITY PULSE-6.30pm•INOX RAJSHREE CINEMA - R-21-10.05am,1.10pm,3.55pm,7.05pm,10.00pm•INOX - R WORLD -ADALAJ-10.20am,3.50pm, 9.30pm

# ફ્લેક્સી યાત્રી ભાડાનો નિર્ણય પાછો ખેંચાશે

## સુરેશ પ્રભુને ભાજપે આદેશ કર્યો છે, ટૂંકમાં સત્તાવાર જાહેરાત : ચારેબાજુ જોરદાર વિરોધ થયા બાદ તેમજ મધ્યમ વર્ગ ગુમાવવાનો ખતરો દેખાયા બાદનિર્ણયને લઈને ચર્ચા : રેલવે યાત્રીઓ પર વધુ બોજ નહીં ઝીંકાય

નવી દિલ્હી,તા. ૧૦
૭૧ રૂટ ઉપર રાજધાની, શતાબ્દી અને ડ્યુરેન્ટોની ૧૪૨ ટ્રેનોમાં ફ્લેક્સી ભાડા લાગુ કરવાને લઈને ચારેબાજુ ટીકા ટિપ્પણીનો સામનો કરી રહેલી મોદી સરકારને આ નિર્ણયને પરત લેવાની ફરજ પડી શકે છે કારણ કે જોરદાર વિરોધ થઈ રહ્યો છે. સૂત્રોના કહેવા મુજબ કેન્દ્ર સરકારના આ નિર્ણયની સામે માત્ર વિપક્ષ જ નહીં બલ્કે પાર્ટીમાં પણ અસંતોષનું મોજુ ફેલાઈ ગયું છે. રેલવે મંત્રી સુરેશ પ્રભુના આ નિર્ણયને લઈને રેલવે રાજ્યમંત્રી મનોજ સિંહાએ પણ વિરોધ નોંધાયો છે કારણ કે રેલવેને આનાથી ૫૦૦ કરોડ રૂપિયા મળી શકે છે પરંતુ આનાથી સામાન્ય લોકોમાં ભારે નારાજગી છે. રેલવે રાજ્ય મંત્રી સિંહાએ કહ્યું છે કે ફ્લેક્સી ભાડાની અસર સૌથી વધુ મધ્યમ વર્ગ પર થશે. જેના કારણએ ભાજપને આગામી વિધાનસભાની ચૂંટણીમાં પાંચ રાજ્યોમાં થનાર ચૂંટણીમાં થઈ શકે છે. આની ભારે કિંમત ચૂકવવાની ફરજ પડી શકે છે. એમ માનવામાં આવે છે કે સુરેશ પ્રભુએ સિંહાના વિરોધ છતાં તેમની તરફ ધ્યાન અપાયું ન હતું. સિંહાએ આ મુદ્દો પીએમઓ અને ભાજપ વડા અમિત શાહ સમક્ષ પણ ઉઠાવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

**LIMBACHIA | LOUNGE**
HAIR & BEAUTY SPECIALISTS
હેર કલરીંગ, સ્મુથનીંગ, રીબોન્ડીંગ, હાઈલાઈટ, હેર સ્પા, હેર કટ, સ્ટ્રેટનીંગ, ફેશીયલ, ઓ૩+
સી-૧૦૪/૧૦૫, સ્વાગત ફ્લેમીંગો, સરગાસણ, ગાંધીનગર
(સ્ટાફ જોઈએ છે)
મો.:૯૯૭૪૦ ૩૬૮૯૫
WELLA PROFESSIONALS L'ORÉAL LOTUS HERBALS

**Bank Exam Coaching**
IBPS Vacancy 19243 Fees - Rs.4000/-
RRB's Vacancy 16000 Fees - Rs.3000/-
ફ્રી સેમિનાર/રજીસ્ટ્રેશન : તા.૧૯-૮-૧૬, સમય : સવારે ૧૦.૦૦ કલાકે
એકાઉન્ટ ઓફિસર તેમજ વાણિજ્યક વેરા ઓફિસર વર્ગ-૨ ની જગ્યાના વર્ગો માટે પણ સંપર્ક કરવો.
Contact : 9377791965, 9978406959, 9974163713
પ્લોટ નં.૭૬૯/૨, સે.૭/બી, અરિહંતની બાજુમાં, ઘ-રોડ ઉપર ગાંધીનગર.
શ્રીશ્રી એ.પી.કલાસીસ તેમજ ૐકાર એકેડમી,ગાંધીનગર




